## ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી,ની સી.એસ.આર.કમીટીની બેઠક તા.૨૯-૦૧-૨૦૧૮ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ :-

ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી,ની સી.એસ.આર.કમીટીની બેઠક તા.૨૯-૦૧-૨૦૧૮ ના રોજ ૧ કલાકે મળી તેમજ ૧.૧૫ કલાકે પુર્ણ થયેલ ,જેમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

| અ.નં. | અધિકારીશ્રીનું નામ | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રીમતી મનિષા ચંદ્રા, IAS નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ. | અધ્યક્ષ |
| ૨ | શ્રી આર.જી.ત્રિવેદી,આઇ.એ.એસ,કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજના | સભ્ય |
| ૩ | શ્રી આર.જી.દેસાઇ નાણાકીય સલાહકાર,નાણા વિભાગ | સભ્ય |

શ્રીમતી મોનિકા એચ.પંડયા,કંપનીસચિવ બેઠકમાં હાજર રહ્યા હતા.

સૌ પ્રથમ હાજર તમામ સભ્યશ્રીઓને આવકારવામાં આવ્યા,ત્યારબાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**એજન્ડા નં.૧ : નિગમની સી.એસ.આર. કમીટી ની બેઠક તા.૧૫-૦૨-૨૦૧૭ ના રોજ મળી હતી,જેની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત**

નિગમની સી.એસ.આર. કમીટી ની બેઠક તા.૧૫-૦૨-૨૦૧૭ ના રોજ મળી હતી,જેની કાર્યવાહી નોંધ વંચાણે લઈ કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી.

**એજન્ડા નં.૨ આંખના ઓપરેશન માટે અંધજન મંડળ વસ્ત્રાપુર,અમદાવાદ તેમજ ડાંગ જિલ્લામાંથી સ્થળાંતર થતા વાલીઓના બાળકો માટે પ્રાથમિક શાળા કક્ષાએ સીઝનલ હોસ્ટેલ ના બાળકો માટે રસોડાના (વાસણો) અંગેની દરખાસ્ત અંગે નિર્ણય લેવા બાબત**

કંપની ધારાની કલમ ૧૩૫ અન્વયે સી.એસ.આર. અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ માટે રુ.૧૬.૪૭ લાખ ખર્ચ કરવાનું થાય છે,જેનો ખર્ચ કરવાની સત્તા સી.એસ.આર.કમીટી ને આપવામાં આવેલ છે.

અંધજન મંડળ વસ્ત્રાપુર,અમદાવાદ ને આંખના ઓપરેશન માટે તેમજ ડાંગ જિલ્લામાંથી સ્થળાંતર થતા વાલીઓના બાળકો માટે પ્રાથમિક શાળા કક્ષાએ સીઝનલ હોસ્ટેલ ના બાળકો માટે રસોડાના (વાસણો) અંગેની દરખાસ્ત ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમને મળી હોવાની રજુઆત નિગમ દ્વારા કરવામાં આવી.

Monika

આ દરખાસ્તો અંગે ચર્ચા બાદ નીચે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા.

(અ) અંધજન મંડળ,વસ્ત્રાપુર, અમદાવાદને આંખના ઓપરેશન માટે રૂપિયા ૮,૦૦,૦૦૦/- (આઠ લાખ પુરા) ફાળવવા ઠરાવવામાં આવ્યું.

અંધજન મંડળ,વસ્ત્રાપુર,અમદાવાદ દ્વારા નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) જ્યારે આંખના ઓપરેશન હાથ ધરવામાં આવે ત્યારે જે તે હોસ્પિટલમાં ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી,એ કરેલ યોગદાન ના બેનર લગાવવાના રહેશે.

(૨) અખબારો અથવા સ્થાનિક ચેનલોમાં સી.એસ.આર.હેઠળ ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી,દ્વારા આંખના મફત ઓપરેશનની જાહેરાત આપવાની રહેશે.અને તે જાહેરાતની નકલ ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી,ના કાર્યાલયમાં મોકલવાની રહેશે.

(૩) સદર કામગીરીના ઉદઘાટનમાં ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી,ના ઉચ્ચ અધિકારીશ્રીઓને બોલાવવાના રહેશે

(૪) તમામ કામગીરી પુર્ણ થયા બાદ પ્રેસ નોટ આપવાની રહેશે.

(૫) અંધજન મંડળ,વસ્ત્રાપુર,અમદાવાદ દ્વારા ઉક્ત રકમ માત્ર આંખના ઓપરેશન માટે જ ખર્ચવાની રહેશે અને ખર્ચ કર્યા બાદ તમામ વિગતવાર અહેવાલ,જેમાં તમામ લાભાર્થીઓના નામ/સરનામા તથા ફોટોગ્રાફ આપવાના રહેશે..

(૬) અંધજન મંડળ દ્વારા ઉક્ત રકમ પૈકી કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે તેમજ તમામ કરેલ ખર્ચનો અહેવાલ આપવાનો રહેશે.

(૭) સંસ્થાએ આ ખર્ચ જરુરીયાત વાળા લાભાર્થીના ઓપરેશન અર્થે કરવાનો રહેશે,જેમાં કોઇ વહીવટી ખર્ચ સમાવવાનો રહેશે નહીં. ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમે તદનુસાર શરતો જણાવતો પત્ર લખીને નાણા અંધજન મંડળના હવાલે મુકવાના રહેશે.

ઉક્ત રકમ તા.૩૧-૦૩-૨૦૧૮ પહેલાં ખર્ચ કરી,તેનું સર્ટીફિકેટ આપના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા રજુ કરવાનું રહેશે.

(બ) ડાંગ જિલ્લામાંથી સ્થળાંતર થતા વાલીઓના બાળકો માટે પ્રાથમિક શાળા કક્ષાએ સીઝનલ હોસ્ટેલ ના બાળકો માટે રસોડાના (વાસણો) અંગેની દરખાસ્ત અન્વયે નીચે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકા વાઇઝ સીઝનલ હોસ્ટેલની સંખ્યા | પ્રાથમિક કક્ષાએ સીઝનલ હોસ્ટેલમા બાળકોની સંખ્યા | હોસ્ટેલ દીઠ રસોડા ના(વાસણો)રનંગ અંદાજીતકિંમત રૂ.૪૭૦૦/- |
|---|---|---|---|---|
| ૧ | આહવા | ૫૬ | ૨૨૪૧ | ૨,૬૩,૨૦૦/- |
| ૨ | સુબીર | ૭૯ | ૩૧૩૧ | ૩,૭૧,૩૦૦/- |
| ૩ | વઘઈ | ૩૯ | ૧૫૮૫ | ૧,૮૩,૩૦૦/- |
| કુલ : | | ૧૭૪ | ૬૯૫૭ | ૮,૧૭,૮૦૦/- |

આમ વાસણો માટે ઉપર મુજબ રૂ.૮,૧૭,૮૦૦/- તેમજ જે સીઝનલ હોસ્ટેલમાં જ્યાં ખાસ જરુરીયાત હોય ત્યાં વોટર જગ આપવા માટે રૂ.૨૯,૨૦૦/- એમ કુલ રૂ.૮,૪૭,૦૦૦/-(અંકે રુપિયા આઠ લાખ સુડતાલીસ હજાર પુરા )ફાળવવા ઠરાવવામાં આવ્યું.જિલ્લા પંચાયત ડાંગ દ્વારા ખરીદી અંગેની રાજય સરકારની નિયત પ્રક્રિયા હાથ ધરીને ખરીદી કરવાની રહેશે, તથા ખર્ચમાં વાસણો તથા વોટર જગ સિવાયની કોઇ રકમ આ કામગીરીના વહીવટી ખર્ચ તરીકે આવરી લેવાની રહેશે નહીં એટલે કે,ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમે ફાળવેલ રકમમાંથી વાસણો તથા વોટર જગ જ ખરીદવાના રહેશે તેવી સ્પષ્ટ ચોકસાઇ રાખવાની રહેશે. ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમે તદનુસાર શરતો આવરી લેતો પત્ર લખી જિલ્લા પંચાયત ડાંગના હવાલે નાણા મુકવાના રહેશે. આમ ઉપર મુજબ કામગીરી હાથ ધરવા નિર્ણય લેવામાં આવ્યો.

આ પ્રવૃતિ ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લી, દ્વારા પ્રાયોજિત થતી હોવાનું દર્શાવવાનું રહેશે.થયેલ ખર્ચની ઉક્ત રકમ કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે તેની તથા થયેલ ખર્ચની લાભાર્થીવાર વિગત આવરી લેતો અહેવાલ ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમને રજુ કરવાનો રહેશે. ઉક્ત રકમ તા.૩૧-૦૩-૨૦૧૮ પહેલાં ખર્ચ કરી,તેનું સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

અંતમાં અન્ય કોઇ મુદ્દા ચર્ચવાના રહેતા ન હોઇ,મીટીંગ પુર્ણ જાહેર કરવામાં આવી.

શ્રી આર.જી.દેસાઇ
નાણાકીય સલાહકાર
નાણા વિભાગ,
અને સમિતિ ના સભ્ય

શ્રી આર.જી.ત્રિવેદી,આઇ.એ.એસ,
કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજના
અને સમિતિ ના સભ્ય

સી.એસ.આર કમીટીના અધ્યક્ષ
મનિષા ચંદ્રા,(આઇ.એ.એસ.)
ડીન : 07557312